ગાંધીનગર સમાચાર

પર્યાવરણ મંત્રીએ ૭૩ વૃક્ષો વાવી ૭૩મો જન્મદિવસ ઉજવ્યો

## @ગાંધીનગર

● શહેરના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે સવારે ૬ થી ૭ દરમિયાન સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા યોગ શિબિર યોજાશે.

# ગ-૨ સર્કલ પાસે પાણીની લાઈનમાં ભંગાણ

## સર્કલની આસપાસ પાણી ભરાતા તળાવ જેવા દશ્યો સર્જાયા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના સેકટર-૩સી ગ-૨ કોર્નર પાસે પાણીની લાઈનમાં ભંગાણ સર્જાતા ચોતરફ પાણી ભરાઈ જતા તળાવ જેવું દશ્ય સર્જાયું હતું. આ સ્થળે એક માસ અગાઉ પણ પાણી ફોર્સથી આવતા ભંગાણ સર્જાયું હતું. પાણીના લીકેજને કારણે નવા સેકટરોમાં પાણી ઓછુ આવતા પાણીના પોંકાર ઉઠવા પામ્યા હતા. જયારે તંત્રને જાણ થતા તાત્કાલીક કર્મચારીઓ આવી ગયા હતા અને લીકેજ રીપેર કરવા કાર્યવાહી શરૂ કરી હતી.

ગાંધીનગર શહેરમાં ઉનાળાના પ્રારંભે જ પાણીના વપરાશમાં વધારો થવા પામ્યો છે. જેને પગલે તંત્ર દ્વારા પાણી નાગરીકોના ઘર સુધી જરૂરીયાત પ્રમાણે મળી રહે તે માટે ફોર્સથી છોડવામાં આવે છે. પરિણામે શહેરમાં કેટલાંક સ્થળોએ આવેલ પાણીની પાઈપ લાઈનમાં લીકેજ થયાના બનાવ બન્યા હતા. પાણી ફોર્સથી છોડવામાં આવે અને વપરાશ ઓછો હોય તેવા સમયે પણ લીકેજના પ્રશ્નો ઉભા થતા હોય છે. જયારે વર્ષો જુની પાઈપ લાઈન પણ કાળઝાળ ગરમીને કારણે પ્રભાવિત થતા ભંગાણની સ્થિતિ સર્જાય છે. ત્યારે ગાંધીનગર શહેરમાં ગ-૨ કોર્નર ખાતે અંદાજે એક માસ અગાઉ સેકટર-૬ ખાતે લીકેજ થયું હતું ત્યારબાદ ગણતરીના દિવસોમાં જ સે-૩સી કોર્નર પર લીકેજ થતા હજજારો લીટર પાણી વેડફાઈ ગયું હતું. જયારે આજે ફરીવાર તે જ સ્થળે લીકેજ થતા પાણી ની લાઈનમાંથી પાણી વહેતું જોઈ મોનીંગવોકમાં નીકળેલા નગરજનો પણ હેબતાઈ ગયા હતા. પાણીની લાઈન લીકેજને પગલે નવા સેકટરોમાં પાણી ઓછા ફોર્સથી મળ્યું હતુ તો કેટલાક સ્થળોએ પાણી બિલકુલ ન આવ્યું હોય તેવા કિસ્સા પણ બનવા પામ્યા હતા. ઉનાળામાં પાણીનો પોંકાર ઉઠવા પામ્યો હતો. જયારે પાણી ના આવતા નાગરીકોને સવારની ક્રિયાઓમાં પણ પરેશાની વેઠવાનો વારો આવ્યો હતો. પાણીની લાઈનમાં ભંગાણ સર્જાયાની જાણ તંત્રને થતા તાત્કાલીક કર્મચારીઓ દોડી પહોંચ્યા હતા અને પાણીની લાઈન રીપેર કરવાનું કાર્ય શરુ કર્યું હતું. પરંતુ પાણી લીકેજ ને પગલે સવારના સમયે પાણીના રેલા છેક અડધો કિલોમીટર સુધી ચારેકોર લાંબા થતા તળાવ જેવી સ્થિતિનું નિર્માણ થવા પામ્યું હતું.

## ધી ગુજ. સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓપ ન્યુ ક્રેડિટ સો.લી.ની ૨૩ જુને ચુંટણી યોજાશે

ગાંધીનગર, તા.૧

ધી ગુજરાત સચિવાલય એમ્પલોઈઝ કો.ઓપ ન્યુ ક્રેડિટ સોસાયટી લી. ગાંધીનગરની વયવસ્થાપક સમિતિના પાંચ સભ્યો નિવૃત થતાં તા.૨૩ જુન ના રોજ ચુંટણી યોજાનાર છે.

આ ચુંટણીમાં ઉભા રહેવા ઈચ્છુક ઉમેદવારોએ આગામી તા. ૩થી ૮ દરમિયાન ઉમેદવારી પત્ર મળશે તેમજ ભરીને પરત કરાશે જયારે ઉમેદવારી પત્ર પરત ખેંચવાની અંતિમ તારીખ ૯ અને ૧૦મી જુન છે. જયારે ઉમેદવારી પત્રકની ચકાસણી બાદની આખરી યાદીની પ્રસિધ્ધી તા.૧૦મી જુનના રોજ કરવામાં આવશે. તેમજ તા.૨૩ ના રોજ ચુંટણી યોજાશે. સંસ્થાની વાર્ષિક સાધારણ સભા તા.૨૮ જુનના રોજ મળશે.

## ડિસ્ટ્રીકટ સ્વીમીંગ કોમ્પીટીશનમાં સે-૧૯ જીમખાનાના ખેલાડીઓ ઝળકયા



તાજેતરમાં કરાઈ પોલીસ એકેડેમી ખાતે જિલ્લા કક્ષાની તરણ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં ગાંધીનગરના સ્પર્ધકોએ ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો હતો. ડિસ્ટ્રીકીટ સ્વીમીંગ કોમ્પીટીશનમાં સે-૧૯ જીમખાનાના ૯ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાંથી ૫ બાળકો રાજયકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે. સે-૧૯ જીમખાના તરફથી આ વિજેતા સ્પર્ધકો માટે ગૌરવની લાગણી અનુભવતા રાજયકક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

## ૧૦ લાખની ગાડી લઈને એકસેસ ચોરવા આવેલો બીજો સાગરીત પકડાયો

### ઈન્ફોસીટીમાંથી એકસેસ ચોરી નંબર પ્લેટ ડેક્કીમાં મુકી દીધી હતી પોતાનું જ એકસેસ લેવા જવાનું કહીને મિત્રને ચોરીમાં સંડોવ્યો

ગાંધીનગર, તા.૧

ઈન્ફોસીટી ખાતે જય ગોગા કેન્ટીન પાસેથી રાત્રે એકસેસની ચોરી કરવા ૧૦ લાખની ગાડી લઈને બે શખ્સો આવ્યા હતા. ગઈ કાલે એક શખ્સ પકડાઈ ગયો હતો જયારે બીજો સાગરીત કે જેની ઈકો સ્પોર્ટ ગાડી હતી તે શખ્સ પણ આજે પકડાઈ જવા પામ્યો છે. તેના નિવેદન મુજબ તેને ખબર જ ન હતી કે તેનો મિત્ર ચોરી કરવા લઈ આવ્યો છે. પોતાનું એકસેસ હોવાનું કહીને મિત્ર લઈ ગયો હતો. પોલીસે નિવેદન નોંધીને તે દિશામાં પણ તપાસ શરુ કરી છે.

ઈન્ફોસીટી પોલીસે ગઈ કાલે દહેગામના જય દિનેશ રાઠોડ નામના શખ્સને ચોરીના એકસેસ સાથે પકડી પાડયો હતો. તેની પુછપરછમાં તેના મિત્ર સૌરભ રાજપુતનું નામ ખુલ્યું હતું. આજે પોલીસે તેની પણ ધરપકડ કરી લીધી છે. સીસીટીવી કેમેરામાં સમગ્ર ઘટના કેદ થઈ છે તેમાં ઈકો સ્પોર્ટ ગાડી લઈને સૌરભ અને જય બંને આવે છે. જય ગાડી ચલાવતો અને સૌરભ ગાડીમાંથી ઉતરીને એકસેસને ઉઠાંતરી કરીને લઈ જતો કેમેરામાં કેદ થયો છે. જયના મામા થલતેજ વિસ્તારમાં રહે છે ત્યાં જયની અવરજવર છે ત્યાં પાડોશમાં રહેતો સૌરભ તેનો મિત્ર બન્યો હતો. સૌરભે આપેલા નિવેદન પ્રમાણે તે ઓછું બોલી-સાંભળી શકે છે અને જય તેને પોતાનું એકસેસ ઈન્ફોસીટીથી લેવા જવાનું કહીને લાવ્યો હતો. હવા ઓછી હતી એટલે ઈન્ફોસીટી બહાર જઈ સૌરભે એકસેસ જયને આપી દીધું હતું અને બંને છુટા પડયા હતા ત્યારબાદ જયે નંબર પ્લેટ નીકાળીને ડેક્કીમાં મુકી દીધી હતી. ઈન્ફોસીટી પોલીસે ગુનાની ઊંડી તપાસ આરંભી છે.

## ગાંધીનગરમાં ડૉલ મેકીંગ વર્કશોપ યોજાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર સ્થિત કલાશ્રી સંસ્થા કે જે ડૉલ મેકીંગ-સ્કલ્પચર અને ફેબ્રીક આર્ટ માટે જાણીતી છે. તે સંસ્થા એક અખબારી યાદીમાં જણાવે છે કે તેમના ડૉલ્સ મ્યુઝિયમ અને આંતરરાષ્ટ્રીય પ્રદર્શનના કાર્ય માટે નિઃશુલ્ક વર્કશોપ/ટ્રેનીંગ શરુ કરવા જઈ રહેલ છે.

જેમાં કોઈ પણ ઉમરના ભાઈઓ તથા બહેનો જેમને કલામાં રસ રૂચિ હોય તે જોડાઈ શકે છે અને જોડાયા બાદ તેમના સમગ્ર વર્ષ દરમિયાન ચાલનારા પ્રોજેકટમાં યોગદાન આપી શકે છે. ઉપરોકત વર્કશોપમાં ભાગ લેવા વિગત જાણવા સે-૫ ખાતે કલાશ્રી ડૉલ્સના હરિન ભટ્ટનો ફોન નં. ૨૩૨૪૦૬૮૯૫૨ સંપર્ક કરી શકે છે.

## વાતવાતમાં

● ઘણા લાંબા સમયથી બહુચર્ચિત રિલાયન્સ ફોર-જી મોબાઈલ ફોમ્સનું ગાંધીનગરમાં આગમન થઈ ચુકયું છે. અત્યારે વ્યવસાયિક ક્ષેત્રે પ્રાયોગિક ધોરણે આવેલા આ ફોનમાં ઈન્ટરનેટની સ્પીડ એટલી છે કે ફોટા, વિડીયો શે'ર કરવા કે ઈમેલ કરવા જેવા જે કામ અન્ય ફોનમાં મિનિટોમાં થાય છે તે આ ફોન સેંકડોમાં કરી આપે છે.

● ગોઝારિયાની એક મીલમાં લાગેલી ભયંકર આગનો કોલ ગાંધીનગર ફાયર સ્ટેશનને મળ્યો તો તે અંગે ફાયર પ્રિવેન્શનનું કાર્ય સંભાળતા સિનિયર ફાયરમેન ચીનુભાઈએ માણસા, વિસનગર તથા મહેસાણાના ફાયર ફાયટર્સની મદદ લઈ ૩ કલાકમાં જ આગ પર કાબુ મેળવ્યો હતો. આ આગમાં મીલમાં રૂની ૯૦૦ ગાંસડીઓ બળી જતા આશરે દોઢેક કરોડનું નુકશાન થયાનો અંદાજ છે.

● ગોવાથી અમદાવાદ તરફની ફ્લાઈટમાં કિશોરીને છેડતીના આરોપી અશોક મકવાણાને ભાજપના પ્રાથમિક સભ્યપદેથી દૂર કરાયા છે. ભાજપના પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણીની સીધી સૂચનાથી તેમને તાત્કાલિક સસ્પેન્ડ કરાયા છે.

● ગાંધીનગરમાં ઝુંપડપટ્ટીના બાળકોને ભણાવવાથી માંડીને અનેક પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા યુવા સામાજિક કાર્યકર વિજયસિંહ માજીરાણા ગુરુવારે તેમનો જન્મદિવસ સે-૧૫માં વિદ્યા લાયબ્રેરી પાસે વૃક્ષારોપણ કરી ઉજવવાના છે. યોગાનુયોગ રવિવારે 'વિશ્વ પર્યાવરણ દિવસ' હોઈ વિજયસિંહનો આ પ્રયાસ અન્ય યુવાનો માટે પ્રેરણારૂપ બની રહેશે.

## ચિલોડા ખાતે અસંગઠીત કામદારો અંગે કાનૂની શિબિર યોજાઈ



ચિલોડા, તા.૧

જિલ્લા કાનૂની સેવા સત્તમંડળના ઉપક્રમે ચિલોડા ગ્રામ પંચાયત હોલ ખાતે કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિલોડા ગામના સરપંચ તેમજ પેરાલીગલ વોલન્ટર્સ જયરામભાઈ સોની, નટુભાઈ પટેલ, વિજય પટેલ, જયેશ પટેલ સહિત મોટીસંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. શિબિરમાં જયરામભાઈ અસંગઠીત ક્ષેત્રના વિવિધ કામદારોના કલ્યાણનો કાયદા-૨૦૦૮ અંગે માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. ચિલોડા ગામના અસંગઠીત કામદારોને વ્યસન મુકિત અપનાવવા અનુરોધ કર્યો હતો.

## નોકરી અપાવવાના બહાને ચીટીંગ કરનાર નિવૃત્ત ડીવાયએસઓ સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નવા સચિવાલયમાં ગૃહ વિભાગમાં વર્ષ ૨૦૦૮માં નોકરી કરતા ડીવાયએસઓ એ શિક્ષકમાં નોકરી અપાવી દેવાના બહાને એક ઉમેદવારના દાદા પાસેથી ૪ લાખ રૂપિયા ઉઘરાવ્યા હતા. આ મામલે ડીવાયએસઓ સામે ખાતાકીય તપાસ ચાલી રહી હતી. દરમિયાન તે નિવૃત્ત થઈ ગયા હતા. આજે સેકટર-૭ પોલીસ મથકમાં નિવૃત્ત ડીવાયએસઓ સામે છેતરપીંડી સંદર્ભે ગુનો દાખલ થવા પામ્યો છે. પી.આઈ. ડી.ડી. સોઢાએ આ ગુનાની ઉંડી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ કપડવંજ નજીક આવેલા આંતરસુબા વિસ્તારના અર્જુણસિંહ ગોલતસિંહ ચૌહાણે તેમના પૌત્ર પ્રદિપસિંહ ચૌહાણને શિક્ષકમાં નોકરીમાં લગાવવા સચિવાલય ગૃહ વિભાગમાં વર્ષ ૨૦૦૮માં નોકરી કરતા ડીવાયએસઓને રૂ. ૪ લાખ આપ્યા હતા. ગૃહ વિભાગમાં નોકરી કરતા અને સેકટર-૩-સી પ્લોટ નં. ૭૦૦/૨ ખાતે રહેતા નિવૃત્ત ડીવાસએસઓ ગીરીષ જે. પરમારે ચાર લાખ લઈ લીધા પરંતુ નોકરી મળી ન હતી. રકઝક થતા તબક્કાવાર અડધી રકમ પાછી આપી દીધી હતી અને બે લાખનો ચેક આપેલો હતો. આ ચેક પણ રીટર્ન થતા ફરિયાદ ઉઠવા પામી હતી. વર્ષ ૨૦૦૮ થી ૨૦૧૩ સુધીનાં સમયગાળામાં થયેલી છેતરપીંડી મામલે ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ચાલી રહી હતી તેમાં કસુરવાર જણાતા એસીબીમાં અરજી થઈ હતી. પરંતુ હોદ્દાના ઉપયોગથી ચીટીંગ કર્યું ન હોવાનું ધ્યાને આવતા એસીબીનો ગુનો લાગ્યો ન હતો. ગૃહ વિભાગે રીપોર્ટ સે-૭ પોલીસને સોંપતા પી.આઈ. ડી.ડી. સોઢા ફરિયાદી બન્યા અને આરોપી નિવૃત્ત ડીવાયએસઓ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# ગુજરાતી ફિલ્મ 'શાહબુદ્દીન રાઠોડનો હાસ્ય વરઘોડો' ૩જી જુને રીલીઝ થશે

### ગાંધીનગરના નિર્માતા મુકેશ પટેલ તથા જતીન જાનીનું સાહસ : શાહબુદ્દીન રાઠોડે પણ અભિનય આપ્યો છે

ગાંધીનગર, તા.૧

શાહબુદ્દીન રાઠોડ એક એવું નામ છે જે સાંભળતા જ તમામ ગુજરાતીઓના મોં પર હાસ્ય છવાઈ જાય છે. તેમણે માત્ર ગુજરાત જ નહી પરંતુ સમગ્ર દેશ વિદેશમાં પણ ગુજરાત અને ખાસ કરીને કાઠીયાવાડી લહેકાને સુપ્રસિધ્ધ કર્યું છે. તેમના હાસ્ય દરબારમાં વનેચંદનો વરઘોડો ખૂબ જ લોકપ્રિય રહ્યો છે. આ વનેચંદના વરઘોડાને કેન્દ્રસ્થાને રાખી વાસુ ફિલ્મ્સ ગ્લોબલ દ્વારા એક કાઠીયાવાડી કોમેડી ફિલ્મ 'શાહબુદ્દીન રાઠોડનો હાસ્ય વરઘોડો' બનાવી છે જે આગામી તા. ૩જી જુને રીલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મમાં ખુદ શાહબુદ્દીન રાઠોડે પણ અભિનયના અજવાળા પાથર્યા છે તથા ફિલ્મનું નિર્માણ ગાંધીનગરના કોંગ્રેસ પાર્ટીના પૂર્વ શહેર પ્રમુખ મુકેશ પટેલ તથા જતીન જાનીએ કર્યું છે.

'શાહબુદ્દીન રાઠોડનો હાસ્ય વરઘોડો' ફિલ્મનું દિગ્દર્શન કે. અમર સોલંકીએ કર્યું છે. તેમણે આ ફિલ્મમાં કાઠીયાવાડી ગ્રામ્ય વિસ્તારનું તાદશ્ય ચિત્ર ખડું કર્યું છે અને પાત્રોની વાસ્તવિકતા જળવાય તે માટે મેકઅપ વગેરેનો પણ ખૂબ જ નજીવા પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. આ ફિલ્મ અંગે શાહબુદ્દીન રાઠોડે પણ પ્રતિભાવ આપતા કહ્યું છે કે 'છેલ્લા ઘણા વર્ષોથી હું વનેચંદના વરઘોડાને શ્રોતાઓ સુધી પહોંચાડતો રહ્યો છું. છેલ્લા કેટલાક સમયથી ગુજરાતી




ફિલ્મોમાં પરિવર્તન આવ્યું છે અને દર્શકો હવે ગુજરાતી ફિલ્મો જોવાનો લ્હાવો નથી છોડતા. આથી મને પણ લાગ્યું કે મારે મારા પ્રિય વનેચંદને ફિલ્મના માધ્યમ થકી જન જન સુધી પહોંચાડવો જોઈએ. આ બાબતની વાત મેં મિત્રો સમક્ષ કરતા તેમણે ફિલ્મ નિર્માણનો પડકાર ઝીલી લઈ મજાની ફિલ્મ બનાવી છે. આ ફિલ્મ અસલ કાઠીયાવાડી મિજાજ ધરાવતી મસ્ત કોમેડી ફિલ્મ બની છે જે દર્શકોને ખૂબ હસાવશે.'

ફિલ્મના નિર્માતા ગાંધીનગરના મુકેશ પટેલે જણાવ્યું હતું કે 'શાહબુદ્દીન રાઠોડનો હાસ્ય વરઘોડો' ફિલ્મ એ ગુજરાતના ખમીરવંતા મહાન કલાકારને તેમની કલાની કદરરૂપે કરાયેલા નાનકડા પ્રયાસ રૂપ છે. આ ફિલ્મને રાજયમાં એક સાથે ૬૦ થી ૭૦ સિનેમાઘરોમાં રિલીઝ કરવાની અમારી યોજના છે. આજના મલ્ટીપ્લેકસના યુગમાં પણ ગુજરાતી ફિલ્મો તૈયાર થઈ રહી છે અને દર્શકોને આકર્ષવામાં સફળ થઈ રહી છે તે ગુજરાતીઓ માટે ગૌરવની વાત છે. રાજય સરકારે પણ તમામ મલ્ટીપ્લેકસને ગુજરાતી ફિલ્મો પ્રદર્શિત કરવા આદેશ કર્યો છે જેના કારણે ગુજરાતી ફિલ્મોના નિર્માતા તથા દિગ્દર્શકોમાં નવી ઊર્જાનો સંચાર થયો છે.

## પર્યાવરણ મંત્રીએ ૭૩ વૃક્ષો વાવી ૭૩મો જન્મદિવસ ઉજવ્યો



વિશ્વભરમાં પર્યાવરણની સ્થિતિ કથળતી જાય છે, વૃક્ષોની સંખ્યા દિન પ્રતિદિન ઘટતી જાય છે. આ કારણે વાતાવરણમાં પણ અણધર્યા ફેરફારો નોંધાઈ રહ્યા છે. જેનું સૌથી મોટુ ઉદાહરણ આ વર્ષે પડેલી વિક્રમજનક ગરમી છે. પર્યાવરણને વિનાશ તરફ ધસતુ અટકાવવા વધુને વધુ વૃક્ષો ઉછેરવા જોઈએ તે એક માત્ર ઉપાય છે. રાજયના વન, પર્યાવરણ અને આદિજાતિ વિકાસ મંત્રી મંગુભાઈ પટેલે તેમના ૭૩મા જન્મદિનની ઉજવણી વૃક્ષારોપણ વડે કરી હતી. આ પ્રસંગે તેમણે પોતાની રાશિ મુજબનું વડનું વૃક્ષ તથા તેમના ધર્મપત્નિ નર્મદાબેને તેમની રાશિ મુજબનું વૃક્ષ બોરસલી વાવ્યા હતા. આ સાથે તેમણે જુદા જુદા પ્રકારના વૃક્ષો જેવા કે ચંદન, સિંદૂર, લીમડા, કૈલાસપતિ, પીપળ, અર્જુન, આસોપાલવ, સપ્તપદી વગેરે જેવા કુલ ૭૩ વૃક્ષો વાવી જન્મદિનની ઉજવણી કરી હતી અને સાથે સાથે પર્યાવરણના જતન માટે લોક અપીલ કરી હતી.

## શહેરની બીસીએ કોલેજના વિદ્યાર્થીઓનું નામાંકિત કંપનીઓમાં પ્લેસમેન્ટ

ગાંધીનગર, તા.૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝના સેમસ્ટર-૨ અને ૬ના વધુ ૬ વિદ્યાર્થીઓ વિવિધ નામાંકિત કંપનીઓમાં નોકરી માટે પસંદગી પામેલ છે. જેમાં મીનાક્ષી મલ્લા અને અમર પુરોહિત ટીસીએસ આઈઓન પ્રોસેસ દ્વારા કોર ઈન્ટગ્રામાં ઓપરેશન એકિઝકયુટીવ તરીકે પસંદગી પામેલ છે. નોકરી માટેની આ સ્પર્ધામાં એમસીએ, એમએસસીઆઈટી, બીએસસી (આઈટી), એન્જિનીયરીંગ અને બીસીએ જેવા વિવિધ કોર્સમાંથી અલગ અલગ કોલેજો અને યુનિવર્સિટીઓમાંથી



૬૯ વિદ્યાર્થીઓ રજીસ્ટર્ડ થયેલ હતા.

સેમેસ્ટર-૬ના બે વિદ્યાર્થીઓ શાહ ફાગુન અને નિરાલી મારુ સમન્વય ગ્રુપ પ્રાઈવેટ લિમિટેડમાં આઈટી એકિઝકયુટીવ તરીકે પંદગી પામેલ છે અને અન્ય બે વિદ્યાર્થીઓ કુ.મિહિકા પટેલ ટ્રીમ્યુથ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એજયુકેશનમાં સેન્ટર ઈન્ચાર્જ તરીકે પસંદગી પામેલ છે અને બીસીએ સેમેસ્ટર-૪માં અભ્યાસ કરતી કુ. અંકિતા દત્તાણી પ્રોડકશન આર્ટિસ્ટ ડિઝાઈનર તરીકે વિસ્ટા પ્રિન્ટ પ્રા. લિ.માં હાઈ પેકેજ સાથે પસંદગી પામેલ છે. ટીસીએસ જેવી ખ્યાતનામ કંપનીમાં ઈગ્નાઈટ માટે કુ. નિરાલી મકવાણા ગ્રેજયુએટ ટ્રેઈની તરીકે પસંદગી પામેલ છે.

વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધામક પરીક્ષાની તૈયારી સારી રીતે કરી શકે તે માટે કોલેજના પ્લેસમેન્ટ વિભાગ અને સ્ટાફ મિત્રો દ્વારા તેઓને સઘન અને સતત માર્ગદર્શન આપવામાં આવે છે તથા સેમિનાર અને વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને સેમિસ્ટર-૨ થી જ અભ્યાસક્રમમાં પ્રોજેકટને લગતી તાલીમ આપવામાં આવે છે જેના ફળ સ્વરૂપે આ વિદ્યાર્થીઓ વિવિધ ટેકનોલોજીમાં પારંગત થાય છે. જેનો સંપૂર્ણ શ્રેય વિદ્યાર્થીઓની મહેનત અને અધ્યાપકોના માર્ગદર્શનને આભારી છે. ગ્રેજયુએટ લેવલ પર ઝળહળતી સફળતા બદલ સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ, કોલેજના ડાયરેકટર ડૉ. સંજય એમ. શાહ અને કોલેજ પરિવાર તરફથી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## નીકી હોસ્પિટલમાં ૩૫મો મફત નિદાન કેમ્પ

ગાંધીનગર, તા.૧

નીકી હોસ્પિટલમાં સતત ૩૫મો મફત નિદાન કેમ્પ તા. ૫મી મેના રોજ સવારે નવ વાગે યોજાશે. સાથો સાથ કેન્સરના દર્દીઓના લાભાર્થે રકતદાન શિબિર પણ યોજેલ છે.

મફત નિદાન કેમ્પમાં હાડકામાં કેલ્શિયમની તપાસ, હિમોગ્લોબીન ચેક અપ, વજન વધારાની સમસ્યા, ચરબીનું પ્રમાણ માપીને નિષ્ણાંત દ્વારા માર્ગદર્શન, ડાયટિશિયન મારફતે આહારનું માર્ગદર્શન તેમજ યોગાનું માર્ગદર્શન આપવાનું આયોજન કરેલ છે. સાથે ફ્રી ડેન્ટલ ચેક અપ પણ રાખેલ છે. કેમ્પના સફળ આયોજન માટે ડૉ. ડી.એ. રતાણી પ્રયત્નો કરી રહેલ છે.

## ચિરવિદાય

- સ્વ. પુંજીબેન વરવાજી ઠાકોર, ઉ.વ.૭૦
- સ્વ. શારદાબેન શામળદાસ સુથાર, ઉ.વ.૮૫
- સ્વ. લલ્લુરામ પલ્ટુસાબ હલવાઈ, ઉ.વ.૫૭